# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-06-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## NDA સરકારના 11 વર્ષ પૂર્ણ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના ખેડૂતોના કલ્યાણ માટે સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે.

કેન્દ્રમાં NDA સરકારના 11 વર્ષ પૂર્ણ થવાનો ઉલ્લેખ કરતા શ્રી મોદીએ કહ્યું કે સરકાર માટે ગર્વની વાત છે કે, તેમણે આ કાર્યકાળ દરમિયાન દેશના મહેનતુ ખેડૂતોની સેવા કરી છે. શ્રી મોદીએ છેલ્લા 11 વર્ષમાં ખેડૂતોની સમૃદ્ધિ માટે સરકારના પ્રયાસોનો ઉલ્લેખ કર્યો જેણે કૃષિ ક્ષેત્રમાં મોટું પરિવર્તન સુનિશ્ચિત કર્યું છે.

પ્રધાનમંત્રીએ કહ્યું, સરકારે ખેતી, આરોગ્ય અને સિંચાઈ જેવા મુદ્દાઓ પર વિશેષ ધ્યાન આપ્યું છે, જે ખૂબ જ ફાયદાકારક સાબિત થયા છે. શ્રી મોદીએ કહ્યું કે ખેડૂતોના કલ્યાણ માટે સરકારના પ્રયાસો આગામી સમયમાં વધુ મજબૂતી સાથે ચાલુ રહેશે.

---------------------------------------------------------------------------------------------------

## ઈદની ઉજવણી:

બલિદાનનો તહેવાર ઈદ-ઉલ-અઝહા આજે દેશના વિવિધ ભાગોમાં ધાર્મિક ઉત્સાહ અને ઉલ્લાસ સાથે મનાવવામાં આવી રહ્યો છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત અનેક મહાનુભાવોએ ઈદ ઉલ અઝહાની દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી છે.

જિલ્લા મથક ભુજની મુખ્ય ઇદગાહમાં ઇદ-ઉલ-અઝહાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીધામ, નખત્રાણા, રાપર, મુન્દ્રા, માંડવી, અંજાર, ભચાઉ તાલુકાની મુખ્ય ઇદગાહ તથા ગામડાઓમાં મુસ્લિમ બિરાદરોએ નમાઝ અદા કરી એકમેકને શુભચ્છાઓ પાઠવી હતી.

---------------------------------------------------------------------------------------------------

## કચ્છ ગ્રામ પંચાયત ચુંટણી-:

કચ્છની 166 ગ્રામ પંચાયતની સામાન્ય અને 241 પેટા મળી કુલ 407 ગ્રામ પંચાયતની ચૂંટણી આગામી 22 જૂને યોજાવાની છે. ચૂંટણીના કારણે ગામડાઓમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. નવમી જૂનના ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ છે અને આજે ઇદ અને આવતીકાલે રવિવારની રજા હોવાથી બે દિવસ ફોર્મ ભરવાની પ્રક્રિયા બંધ રહેશે. સોમવારે ઉઘડતી કચેરીએ તાલુકા મામલતદાર કચેરી અને તાલુકા પંચાયત કચેરીઓમાં ઉમેદવારો પોતાના સમર્થકો સાથે ફોર્મ ભરવા ઉમટી પડશે. સોમવારે ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હોવાથી ઉમેદવારોનો ભારે ધસારો રહેશે તેવી શક્યતા સેવાઇ રહી છે.

---------------------------------------------------------------------------------------------------

## કચ્છ-કોરોના-આરોગ્ય વિભાગ:

કચ્છમાં આજે એક સામટા કોરોનાના 4 કેસ પોઝિટીવ આવ્યા છે. ભુજમાં 3 અને નખત્રાણામાં એક કેસ નોંધાયો છે. જિલ્લામાં નોંધાયેલા ચાર કેસ પૈકી ભુજમાં એક વૃધ્ધ મહિલા અને 3 પુરૂષ કોરોના સંક્રમિત થયા છે. કચ્છમાં હાલની સ્થિતિએ કોરોનાના સક્રિય 14 કેસ છે અને તમામની હાલત સ્થિર છે.

---------------------------------------------------------------------------------------------------

## કચ્છ-વિકસિત કૃષિ અભિયાન:

વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન હેઠળ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આઈસીએઆર, કુકમા દ્વારા અંજાર વિસ્તારના ગામડાઓમાં યોજાયેલા સાત દિવસીય જાગૃતિ તથા તકનીકી કાર્યક્રમોની

શ્રેણીમાં 400થી વધુ ખેડૂતે ભાગ લીધો હતો. ખરીફ ઋતુ માટે સમયસર માહિતી તથા યોગ્ય તકનીકો સાથે ખેડૂતોને સશક્ત બનાવવાના કાર્યક્રમમાં વૈજ્ઞાનિકોએ ખેડૂતોને ખેતીમાં વૈજ્ઞાનિક પધ્ધતિની માહિતી આપી હતી. કાર્યક્રમમાં કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવા માટે ખેડૂતોને ઓછા રસાયણોનો ઉપયોગ કરી જૈવિક ખાતરોના ઉપયોગ વિશે માહિતી અપાઈ હતી તથા કેવીકે દ્વારા વર્ષભર આયોજિત તાલીમ કાર્યક્રમોની માહિતી અપાઈ હતી.

---------------------------------------------------------------------------------------------------

## વાઘેશ્વરી માતાજી મંદિર:

ભુજથી 25 કિલોમીટરના અંતરે આવેલા હબાય ગામમાં વાઘેશ્વરી માતાજીના મંદિરે 700 થી વધુ વર્ષથી ચાલી આવતી જળસ્ત્રોતની જાળવણીની પરંપરા આજે પણ જળવાઈ રહી છે. ગઇકાલે શુક્રવારે ભીમ અગિયારસના દિવસે વહેલી સવારથી જ મંદિર પરીસરમાં આવેલા પવિત્ર કુંડની સફાઈ કરવામાં આવી હતી. સફાઈ બાદ ગણતરીના કલાકોમાં આ કુંડમાં સ્વયંભુ પાણી ભરાઈ જાય છે. પરીસરમાં બનાવેલા નવા ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું અને બપોરે મહાઆરતી અને મહાપ્રસાદનો કાર્યક્રમ યોજાયો હતો.

---------------------------------------------------------------------------------------------------

## ટી.બી.મુક્ત ભારત અભિયાન:

ટી.બી.મુકત ભારત અભિયાનના સમર્થનમાં દીનદયાલ પોર્ટ ઓથોરિટી દ્વારા ગાંધીધામ અને અંજાર તાલુકાના 334 ક્ષય રોગના દર્દીઓ માટે પોષણ સહાયની પહેલ કરવામાં આવી છે. આ કાર્યક્રમ અંતર્ગત 6 મહિના સુધી પોષણ કિટ આપવામાં આવશે. કુલ 14.3 લાખ પોર્ટ દ્વારા ફાળવવામાં આવ્યા છે. ક્ષયના દર્દીઓની સુખાકારીમાં મદદ કરવાના હેતુથી આ કાર્ય આદરાયું છે. દીનદયાલ પોર્ટ દ્વારા તાજેતરમાં સામાજિક જવાબદારીની પહેલ અને રાષ્ટ્રીય સમુદાયના વિકાસને સહયોગ આપતા બે કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

---------------------------------------------------------------------------------------------------

# નર્મદાના નીર:

ચોમાસાની સીઝનને અનુલક્ષીને જમીન ખેડવા ખેડૂતો સક્રિય થયા છે ત્યારે મુન્દ્રા તાલુકાના ખાખર અને કાંડાગરાના ખેતરો સુધી નર્મદાના નીર પહોંચતા ભૂમિપુત્રોમાં હર્ષની લાગણી ફેલાઈ હતી. મુન્દ્રા માંડવી વિસ્તારના ધારાસભ્ય અનિરુદ્ધ દવેએ નર્મદા લાઈનનો વાલ્વ ખુલ્લો મુકતા બંન્ને ગામોની અંદાજિત 1800 એકર જમીનમાં નર્મદાના નીર ફરી વળ્યા હતા. ઉલ્લેખનીય છ કે આગામી સમયમાં ખેતી આધારિત ઝરપરા, ભુજપુર તેમજ તાલુકાના અન્ય ગામોમાં સિંચાઈના પાણી પહોંચતા કરવાનો પ્રયાસ હાથ ધરાયો છે.

---